# માત્ર 2 ઈંચ વરસાદે નવસારીનું લુન્સીકુઈ જળબંબાકાર થયું

**પ્રિ-મોન્સૂન** કામગીરીના દાવા ફરી પાણીમાં ધોવાયા



નવસારી: નવસારીમાં ચોમાસાની પ્રથમ ધમાકેદાર એન્ટ્રીએ મહાનગરપાલિકાની વરસાદી તૈયારીઓ પર મોટો પ્રશ્નાર્થ મૂકી દીધો છે. માત્ર બે કલાકમાં પડેલા આશરે બે ઈંચ વરસાદે લુન્સીકુઈ સહિત શહેરના અનેક વિસ્તારોને જળબંબાકારમાં ફેરવી દીધા. મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો કલાકો સુધી હાલાકી ભોગવતા રહ્યા, અનેક વાહનો રસ્તા વચ્ચે જ બંધ પડી ગયા અને ટ્રાફિકની લાંબી કતારો લાગી ગઈ. લુન્સીકુઈ મેદાનમાંથી ધસમસતું વરસાદી પાણી રસ્તા પર ફરી વળતાં સ્થિતિ વધુ ગંભીર બની હતી. બીજી તરફ રસ્તા કિનારે રોજીરોટી કમાતા નાના વેપારીઓનો ધંધો પણ વરસાદી પાણીમાં ધોવાઈ ગયો. દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા અને ડ્રેનેજ સફાઈના અહેવાલો રજૂ થાય છે, પરંતુ પ્રથમ જ વરસાદમાં શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થતાં આ તમામ દાવાઓની અસરકારકતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરજનો હવે પૂછવા લાગ્યા છે કે, જો માત્ર બે ઈંચ વરસાદમાં આ સ્થિતિ હોય તો હજુ આખું ચોમાસું બાકી છે. શું નવસારી ફરી દર વર્ષે જેવી હાલાકી ભોગવશે કે જવાબદાર તંત્ર આ વખતે કાયમી ઉકેલ તરફ આગળ વધશે?

# નવસારીમાં પૂર્ણા નદી પર તંત્રની ચાંપતી નજર

**નવસારી** જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ: ગણદેવીમાં 3.66 ઈંચ, ચીખલીમાં 3.66 ઈંચ, જલાલપોરમાં 3 ઈંચ વરસાદ નોંધાયો

નવસારી: નવસારી જિલ્લામાં ચોમાસાએ જોર પકડતાં શનિવારે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા દરમિયાન નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ ગણદેવીમાં સૌથી વધુ 93 મીમી અને ચીખલીમાં 92 મીમી વરસાદ વરસ્યો હતો. જ્યારે જલાલપોરમાં 77 મીમી, નવસારીમાં 50 મીમી, ખેરગામમાં 20 મીમી અને વાંસદામાં 5 મીમી વરસાદ નોંધાયો હતો.

સતત વરસતા વરસાદને પગલે પૂર્ણા નદીના જળસ્તર પર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી 23 ફૂટ નિર્ધારિત છે, જ્યારે હાલમાં નદી 13 ફૂટે વહેતી હોવાથી તે ભયજનક સપાટીથી 10 ફૂટ નીચે છે. હાલ પૂર જેવી કોઈ પરિસ્થિતિ સર્જાઈ નથી, પરંતુ ઉપરવાસમાં વધુ વરસાદ અને હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે.

જિલ્લા વહીવટી તંત્રે ખાસ કરીને નદીકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા, બિનજરૂરી રીતે નદીના પટમાં કે પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવા તેમજ માત્ર સત્તાવાર સૂચનાઓ પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરી છે.

આગામી 24 કલાક દરમિયાન વરસાદની સ્થિતિ અને પૂર્ણા નદીના જળસ્તર પર સતત મોનિટરિંગ ચાલુ રહેશે.

# અંબિકા નદીના ધસમસતા પ્રવાહથી બ્રિજમાં મસમોટું ગાબડું

**બીલીમોરા**- અમલસાડ માર્ગ પરના બ્રિજનું યુદ્ધના ધોરણે સમારકામ કરાયું, પાણી ઓસરતા વાહન વ્યવહાર પુન: સ્થાપિત




બીલીમોરા: ભારે વરસાદને પગલે શુક્રવારે ગણદેવી તાલુકાઓમાં વહેતી નદીઓએ કાંઠા વટાવ્યા હતા. જે બાદ મોડી રાત્રે પૂર ઓસર્યા હતા. દરમ્યાન અંબિકા નદી ભયજનક ૨૮ ફૂટની સપાટી વટાવી ૩૨.૦૪ ફૂટ વહેતા બીલીમોરા- અમલસાડ માર્ગ ઉપર પૂલનાં એપ્રોચમાં ગાબડું સર્જાયું હતું.

દક્ષિણ ગુજરાતમાં બારેમેઘ ખાંગા થતાં લોકમાતા પૂર્ણા, અંબિકા, કાવેરી, ખરેરા, વેગણિયા, પનિહારી, ઔરંગા, તાન, માન નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને પગલે નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો હતો. શુક્રવાર રાત્રે નદીઓની જળસપાટી ઘટી હતી. અંબિકા નદી રોદ્ર સ્વરૂપ ૩૨.૦૪ ફૂટથી ઘટી ૧૨.૧૩ ફૂટે, અને કાવેરી ૧૪થી ૧૦ ફૂટે આવી હતી. પરંતુ પૂર ઓસર્યા બાદ કાંઠા વિસ્તારની લાઈફલાઈન ગણાતા કોસ્ટલ હાઈવે પર બીલીમોરા સ્મશાન ભૂમિ નજીક અંબિકા નદીનાં બ્રિજનો ભાઠા તરફનાં એપ્રોચમાં ગાબડું સર્જાયું હતું. એપ્રોચમાં ૫ ફૂટ પહોળું મસમોટું ગાબડું પડ્યું હતું. નવસારી માર્ગ મકાન વિભાગએ માર્ગ બંધ કરી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી, રબ્બલ, મટીરિયલ થી પુરાણ કરી બપોર બાદ પૂલ પુન: ધબકતો કરતા કાંઠા વિસ્તારે મોટી રાહત અનુભવી હતી. બીલીમોરા, ગણદેવી તાલુકાનાં અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ઉતરતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ખાડો તો શ્રમિક દંપતીએ પૂરી દીધો, તંત્રના વહીવટનો ખાડો કોણ પૂરશે?



■ નવસારીના લુન્સીકુઈ વિસ્તારના મુખ્ય માર્ગ પર પડેલો ઊંડો ખાડો અકસ્માતને આમંત્રણ આપી રહ્યો હતો, છતાં જવાબદાર તંત્ર માટે જાણે આ માત્ર એક સામાન્ય દૃશ્ય હતું. આખરે, જે કામ માટે લાખો રૂપિયાનો ટેક્સ વસૂલાય છે અને તંત્રને પગાર ચૂકવાય છે, તે કામ એક ગરીબ શ્રમિક દંપતીએ વરસાદમાં ભીંજાઈને ઈંટો ભેગી કરી પૂર્ણ કર્યું. કોઈ સરકારી આદેશ નહીં, કોઈ ટેન્ડર નહીં, કોઈ ફોટોશૂટ નહીં, માત્ર માનવતા અને જવાબદારીનો ભાવ. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકો શ્રમિક દંપતીને સલામ કરી રહ્યા છે, જ્યારે પાલિકાની કાર્યશૈલી સામે કટાક્ષ વરસાવી રહ્યા છે.

# વલસાડ જિલ્લામાં મુશળધાર વરસાદ બાદ મેઘરાજાનો વિરામ

**અતિભારે** વરસાદને કારણે જિલ્લામાં બંધ થયેલા ૪૨ રસ્તા પૈકી ૩૯ રસ્તા પુન: ખુલ્લા મુકાયા, હજુ પણ વલસાડ તાલુકામાં ત્રણ રસ્તા ઓવરટેપિંગના કારણે બંધ

વલસાડ: હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં તા.૬ જુલાઈ સુધી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તા.૩ જુલાઈના રોજ સવારે ૬ વાગ્યાથી તા. ૪ જુલાઈના રોજ સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૧૦૬.૨૯ મી.મી.(૪ ઈંચ) વરસાદ વરસ્યો હતો. વલસાડમાં 8 ઈંચ, ધરમપુરમાં 4 ઈંચ, પારડીમાં 3.9 ઈંચ , કપરાડામાં 4.2 ઈંચ, ઉમરગામમાં 1.9 ઈંચ, વાપીમાં 3.1 ઈંચ અને નાનાપોંઢા તાલુકામાં 4.2 ઈંચ વરસાદ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસ્યો હતો. જોકે, ત્યારબાદ વલસાડમાં વરસાદે વિરામ લીધો હતો.

તા. ૩ જુલાઈને શુક્રવારે દિવસે મુશળધાર વરસાદ વરસ્યા બાદ તા. ૪ જુલાઈને શનિવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ વિરામ લીધો હોય એમ માત્ર ઝરમર વરસાદ જ આવ્યો હતો. જેને પગલે સવારે ૬થી સાંજે ૪ વાગ્યા સુધીના ૧૦ કલાકમાં જિલ્લામાં સરેરાશ માંડ ૭.૫૭ મી.મી. વરસાદ વરસ્યો હતો. શનિવારે સમગ્ર જિલ્લામાં મેઘાએ પોરો ખાતા ગઈ કાલે બંધ થયેલા માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ૪૨ પૈકી ૩૯ રસ્તા વાહન વ્યવહાર માટે પુન: ખુલ્લા મુકાયા હતા. જો કે, હજુ પણ વલસાડ તાલુકામાં ત્રણ રસ્તા ઓવરટેપિંગના કારણે બંધ છે. જેમાં (૧) ને.હા.નં. ૮થી વાસણ મુખ્ય રસ્તથી શરૂ થઈ જેસીયા ધોલ ફિળયા રોડ, (૨) રાબડા બસ સ્ટેન્ડથી ધોડીયાવાડ નવેરા રોડ અને (૩) લીલાપોર સરોધીથી સરોણ રોડનો સમાવેશ થાય છે.

હાલ તો મેઘરાજાએ વિરામ લેતાં તંત્રએ હાશકારો લીધો છે પરંતુ આગામી દિવસોમાં વરસાદની આગાહીના પગલે તંત્ર એલર્ટ મોડમાં રહી ચાંપતી નજર રાખી રહ્યું છે. પાણી ભરાવાની સમસ્યા, ટ્રાફિક સહિતની સમસ્યાના ઉકેલ માટે તંત્ર કામગીરીમાં લાગ્યું છે,

## ચીખલીમાં ચાર કલાકમાં બે ઈંચ વરસાદ ખાબક્યો

ઘેજ: ચીખલી પંથકમાં ધોધમાર વરસાદ બાદ આજે બીજા દિવસે મેઘરાજાનું જોર ધીમું રહ્યા બાદ ચાર વાગ્યેના બે કલાક માં જ ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ પૂર્વે દિવસભર ધનઘોર વાતાવરણ વચ્ચે છૂટોછવાયો વરસાદ ચાલુ રહ્યો હતો. તાલુકા અને ઉપરવાસમાં ગતરોજના મુશળધાર વરસાદને પગલે સીઝનમાં પ્રથમ વખત તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી, ખરેરા સહિતની લોકમાતાઓ બે કાંઠે વહેતી થઈ હતી. સાંજે છ વાગ્યા સુધીમાં ૩.૬૮ ઈંચ અને સિઝનનો કુલ ૨૩.૨૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ચીખલી તાલુકામાંથી પસાર થતી કાવેરી નદીમાં નવા નીર આવતા તડકેશ્વર મહાદેવ મંદિરમાં સ્વયંભૂ જળાભિષેક થયો હતો.

# સરીગામમાં બે આવાસ પર ઝાડ પડ્યું, એકને ઈજા

ઉમરગામ: સરીગામમા શ્રમજીવી પરિવારના બે આવાસ પર મહાકાય ચોરાંબલો ઝાડ તૂટી પડતાં એક વૃદ્ધને ઈજા પહોંચી હતી જ્યારે 8નો બચાવ થયો હતો.

વરસાદ અને વાવાઝોડાના કારણે ઉમરગામ તાલુકાના સરીગામ ગ્રામ પંચાયત વિસ્તારના સરદાર નગર વિસ્તારમાં લક્ષ્મી રોડ પર સુધાબેન રાજેશભાઈ હળપતિના મકાન પર શુક્રવારની રાત્રે 10 કલાકે મહાકાય ચોરાંબલોનું ઝાડ તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં ઘરમાં સુતેલા લક્ષ્મણભાઈ હળપતિને પગમાં ઈજા પહોંચી હતી જ્યારે 8 વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. જ્યારે સરીગામ ખાંણ ફળિયા વિસ્તારમાં રાત્રે કહાર ભીખીબેન જમનાદાસના ઘર પર ઝાડ પડવાથી 8 જેટલા પતરા તૂટી ગયા હતા અને



ઉમેશ સોલંકી

ઘરવખરીને નુકસાન થયું હતું. જાણ થતાં જ સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ વઘાત અને તાલુકા પંચાયત સભ્ય રાકેશ રાય ઘટના સ્થળ પર પહોંચી પરિવારની મુલાકાત લીધી હતી. ગ્રામ પંચાયતે રાશન કીટનું વિતરણ કર્યું હતું

## વાંસદામાં નુકસાનગ્રસ્ત રસ્તા રિપેર કરાયા

વાંસદા: નવસારી જિલ્લાના વાંસદા તાલુકા તેમજ ઉપરવાસમાં થયેલા ભારેથી અતિભારે વરસાદને કારણે નદીઓમાં પાણીનો પ્રવાહ વધતાં ડૂબાઉ કોઝવે ઓવરટોપ થયા હતા. પરિણામે કુલ 24 જેટલા રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. વરસાદનું જોર ઘટતાં જ પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વાંસદા પેટા વિભાગ દ્વારા તાત્કાલિક સરવે હાથ ધરી નુકસાનગ્રસ્ત રસ્તાઓ પર યુદ્ધના ધોરણે મરામત કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં એપ્રોચ રોડનું ધોવાણ દૂર કરવું, વોટરવેની સફાઈ સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવતા તમામ રસ્તાઓ પર ફરી વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો.

# 23 ફૂટની ભયજનક સપાટીની નજીક છતાં નવસારી પૂરથી બચ્યું!

**ટાઈડલ** ડેમે બચાવ્યું કે કુદરત મહેરબાન રહી?

નવસારી: નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસેલા વરસાદે પૂર્ણા નદીના જળસ્તરમાં ચિંતાજનક વધારો નોંધાવ્યો હતો. ગત શુક્રવારે જિલ્લામાં સરેરાશ નોંધાયેલા આશરે સાત ઈંચ વરસાદ બાદ મધરાત્રિ દરમિયાન પૂર્ણા નદી ભયજનક 23 ફૂટની સપાટીની નજીક પહોંચી જતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસવાની શરૂઆત થઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકાએ સંભવિત પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં રાખી સતર્કતા વધારી હતી. પરંતુ થોડા



કલાકોમાં જ સ્થિતિ બદલાઈ ગઈ અને પાણીની સપાટી ધીમે-ધીમે ઘટવા લાગી.

હવે ચર્ચાનો કેન્દ્રબિંદુ એક જ પ્રશ્ન છે કે શું નિર્માણાધીન ટાઈડલ ડેમે ખરેખર નવસારીને સંભવિત પૂરથી બચાવ્યું? કે પછી ઉપરવાસમાં વરસાદ ઘટતાં અને દરિયામાં અનુકૂળ જ્વાર-ભાટાની સ્થિતિ સર્જાતાં પાણીનો નિકાલ સરળ બન્યો? કારણ કે ટાઈડલ ડેમ હજુ સંપૂર્ણ કાર્યરત નથી, ત્યારે તેના કારણે પૂર ટળ્યું હોવાના દાવાઓ કેટલા તકનીકી રીતે સાચા છે, તે અંગે સત્તાવાર સ્પષ્ટતા હજુ સામે આવી નથી. આ ઘટનાએ એક બીજી હકીકત પણ ઉજાગર કરી છે. શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થતાં જ લોકોમાં ભય ફેલાયો હતો. જો વરસાદની તીવ્રતા થોડા કલાકો વધુ યથાવત રહી હોત તો શું નવસારી ફરી પૂરની ઝપેટમાં આવી જાત?

હવે જરૂર છે કે રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો ટાઈડલ ડેમની વાસ્તવિક અસર, પૂર્ણા નદીના પ્રવાહનું વૈજ્ઞાનિક વિશ્લેષણ અને શહેરની પૂર વ્યવસ્થાપન યોજનાનો જાહેર અહેવાલ બહાર પાડે, જેથી દાવા અને હકીકત વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ શકે. નવસારી આ વખતે તો બચી ગયું, પરંતુ આગામી ભારે વરસાદમાં સ્થિતિ ફરી ન સર્જાય તેની ખાતરી કોણ આપશે?

# નવસારી જિલ્લામાં વરસાદી પાણીના કારણે 27 રસ્તા બંધ

**આયોજન** અને આપત્તિ વ્યવસ્થાપનની અસરકારકતા પણ ચર્ચાના કેન્દ્રમાં

નવસારી: નવસારી જિલ્લામાં ભારે વરસાદ બાદ 27 રસ્તા વાહનવ્યવહાર માટે બંધ થતાં માત્ર વરસાદ નહીં, પરંતુ માર્ગ આયોજન અને આપત્તિ વ્યવસ્થાપનની અસરકારકતા પણ ચર્ચાના કેન્દ્રમાં આવી છે. માર્ગ અને મકાન વિભાગના અહેવાલ મુજબ 25 રસ્તાઓ ઓવરટોપિંગના કારણે બંધ થયા છે. આ હકીકત દર્શાવે છે કે અનેક સ્થળોએ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા હજુ પણ પૂરતી અસરકારક નથી.

સૌથી વધુ 14 રસ્તા નવસારી તાલુકામાં બંધ થયા છે, જ્યારે ચીખલી, ગણદેવી, જલાલપોર, વાંસદા અને ખેરગામમાં પણ માર્ગવ્યવહાર પ્રભાવિત થયો છે. પરિણામે અનેક ગામોનો સીધો સંપર્ક તૂટી ગયો અને દૈનિક અવરજવર, ખેતી, વેપાર તેમજ ઇમરજન્સી સેવાઓ પર અસર પડી છે. દર વર્ષે ચોમાસા પહેલાં પ્રી-મોન્સૂન કામગીરી, ડ્રેનેજ સફાઈ અને સંવેદનશીલ માર્ગોની સમીક્ષાના દાવા કરવામાં આવે છે. તેમ છતાં દર ચોમાસે લગભગ એકસરખા વિસ્તારોમાં પાણી ફરી વળે છે અને માર્ગો બંધ કરવાની સ્થિતિ સર્જાય છે. આથી પ્રશ્ન એ ઊભો થાય છે કે શું હાલની વ્યવસ્થા માત્ર તાત્કાલિક રાહત સુધી સીમિત છે કે લાંબા ગાળાનું આયોજન પણ થઈ રહ્યું છે?

જિલ્લા તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે, જે તાત્કાલિક રાહત માટે જરૂરી પગલું છે. જોકે, ભવિષ્યમાં આવી સ્થિતિ ટાળવા માટે પાણીના નિકાલની ક્ષમતા વધારવી, નીચાણવાળા માર્ગોનું ઊંચીકરણ કરવું અને દર વર્ષે બંધ થતા માર્ગોનું તકનીકી સર્વેક્ષણ કરીને કાયમી ઉકેલ અમલમાં મૂકવો જરૂરી બન્યો છે. આ ઘટના સ્પષ્ટ કરે છે કે વરસાદને રોકી શકાય તેમ નથી, પરંતુ તેના કારણે જનજીવન ઓછું પ્રભાવિત થાય તેવું આયોજન ચોક્કસ શક્ય છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ ઘટનાને માત્ર વરસાદી પરિસ્થિતિ તરીકે જુએ છે કે તેને ભવિષ્ય માટે સુધારાની તક તરીકે સ્વીકારે છે.

# નવસારીનાં વિકાસ કાર્યોને ગતિ આપવા હાઈ લેવલ બેઠક મળી

**પાણી** ભરાવા, ટ્રાફિક અને પૂર નિયંત્રણ માટે તાત્કાલિક એક્શન પ્લાન

નવસારી: નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય (IAS)ની સંયુક્ત અધ્યક્ષતામાં શહેરના વિકાસલક્ષી અને માળખાકીય પ્રશ્નોને લઈને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. તાજેતરમાં પડેલા ભારે વરસાદને પગલે શહેરમાં ઊભી થયેલી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને પાણીના નિકાલ, ટ્રાફિક વ્યવસ્થા, માર્ગ વિકાસ અને પૂર નિયંત્રણ જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ચોમાસા દરમિયાન વારંવાર પાણી ભરાતા જમાલપોર વિસ્તાર માટે કાયમી એક્શન પ્લાન તૈયાર કરવા તથા નવા સમાવિષ્ટ 12 ગામોમાં ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર લાઇનનું આયોજન ઝડપથી પૂર્ણ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી. ઈટાળવા વિસ્તારમાં DGVCLના નવા સબ-સ્ટેશન માટે જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનાવવા તેમજ સ્મશાનભૂમિ આસપાસના ગેરકાયદે દબાણો દૂર કરવા પણ તાકીદ કરવામાં આવી હતી.

શીતલ પાર્ક હોટલ સામે વરસાદી પાણીના કાયમી નિકાલ માટે રેલવે અંડરપાસના આયોજન અને પૂર્ણા નદીના હાઈ ફ્લડ લેવલને ધ્યાનમાં રાખીને પ્રોટેક્શન વોલના પ્રોજેક્ટને વેગ આપવા R&B અને સિંચાઈ વિભાગ સાથે સંકલન સાધવા નિર્ણય લેવાયો હતો. દશેરા ટેકરી રોડના શક્તિનગર વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઇનના આયોજન પર પણ ભાર મૂકાયો હતો.

# સમરોલીની કચ્છી ચાલમાં સરવે માટે તંત્ર પાસે સમય નથી!

**ઘરોમાં** ઘૂસેલા વરસાદી પાણી ઓસરી ગયાના 24 કલાક બાદ પણ કોઈ નહીં ફરકતા લોકોમાં રોષ

ઘેજ: સમરોલીની કચ્છી ચાલમાં ઘરોમાંથી વરસાદી પાણી ઓસરી ગયા ને ચોવીસ કલાક બાદ પણ નુકસાની અંગે સરવે ન કરવામાં આવતા સ્થાનિકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે.

ચીખલી પંથકમાં શુક્રવારની સવારે મેઘરાજાએ તોફાની બેટિંગ કરતાં સવારે આઠ વાગ્યાના બે કલાકમાં આઠ ઈંચ અને દિવસભર પણ ધીમીધારે વરસાદ ચાલુ જ રહેતા સાંજ સુધીમાં 11.52 ઈંચ વરસાદ વરસતા સમરોલી-મજીગામમાંથી પસાર થતી કાલાખાડીમાંથી પાણીનો નિકાલ ન થતાં સમરોલીની કચ્છીચાલમાં ત્રીસથી વધુ ઘરો અને દુકાનોમાં ઘૂંટણસમા પાણી ભરાતા મોટું નુકસાન થવા પામ્યું હતું. આ ઉપરાંત વાહનો પણ અડધા ડૂબી જતાં અનેક પરિવારો કફોડી સ્થિતિમાં મુકાયા હતા. કચ્છીચાલમાં ઘરોમાંથી પાણી ઓસરી ગયાને 24 કલાક બાદ પણ ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયતને નુકસાનીનો સરવે કરવાની ફૂરસદ મળી ન હતી.

### અવરોધ દૂર ન થાય તો મોટી મુશ્કેલીની આશંકા

સમરોલી મજીગામમાંથી પસાર થતી કાલાખાડીમાં નેશનલ હાઈવેની બીજી તરફ જમીન માલિક દ્વારા આરસીસી પાઇપ નાંખી પૂરી દેવામાં આવતા પાણીના નિકાલમાં અવરોધ ઊભો થતાં કાલાખાડીને અડીને આવેલા કચ્છીચાલના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. બીજી તરફ હાઈવેથી મજીગામમાં જતાં ડેરી કોલોની રોડ પર ઘૂંટણસમા પાણી ભરાતા વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. કાલા ખાડીમાં આરસીસી પાઇપનો અવરોધ દૂર ન કરવામાં આવશે તો આગામી દિવસોમાં મોટી મુશ્કેલી ઊભી થશે તે નિશ્ચિત છે

# વરસાદ ઓછો થતાં ડાંગના રસ્તાઓ ફરી શરૂ

**ગતરોજ** ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે 2 પશુના મોત

સાપુતારા: ડાંગ જિલ્લામાં તારીખ 4 જુલાઇ, 2026નાં શનિવારે સવારના 6 કલાકેથી સાંજના 4 વાગ્યા સુધીનાં છેલ્લા 10 કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ 2.33 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લાના ડિઝાસ્ટર કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, છેલ્લા 10 કલાક દરમિયાન આહવા તાલુકામા 7 મી.મી, વઘઈમાં 0 મી.મી, સુબીરમા 0 મી.મી), મળી જિલ્લામાં સરેરાશ 2.33 મી.મી વરસાદ નોંધાયો છે. સાંજના ચાર વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના તમામ માર્ગો ખુલ્લા થવા પામ્યા છે. ગત રોજ ભારે વરસાદના કારણે 37 જેટલા રસ્તાઓ અવરોધાયા હતા. જે માર્ગો આજરોજ સવારથી પુન:યાતાયાત માટે શરૂ થયા છે. ગતરોજ આહવા તાલુકામાં સમાવિષ્ટ સુંદા ગામે દિનેશભાઈ સીતારામભાઈ ભોયેના ઘરે એક પાડાનું શેડમાં દબાઈ જવાથી મૃત્યુ થયું હતું. જ્યારે વઘઈ તાલુકાના અશ્વિનભાઈ મંગુભાઈ દેવળેનો પાડો સાંજના 5 કલાકે અંબિકા નદીના પૂરમાં તણાઈ જવાથી મૃત્યુ પામ્યો હતો તેમજ સુબીર તાલુકાના સાવરપાડા પ્રાથમિક શાળામાં વધુ વરસાદના કારણે આશરે 25 ફુટ જેટલી કમ્પાઉન્ડ વોલને નુકસાન થયું છે.